મહત્તમ : ૨૫.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૭ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૩ ન્યુ ખાતે સરકારી દવાખાનુ શરુ કરવા વસાહતીઓની માંગ

સરકારી દવાખાનું શરુ થાય તો આસપાસના શ્રમિકોને પણ લાભ મળ શકે સરકારી દવાખાનું અઠવાડીયામાં બે દિવસ અથવા આર્યુવેદ દવાખાનું કાયમી શરુ થાય તેમ સ્થાનિક વસાહતીઓની ઈચ્છા



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ માં સરકારી દવાખાનું આવેલું છે. જે ઘણા સમયથી બંધ હાલતમાં છે. જેને પગલે બિન ઉપયોગી વનસ્પતિ ઉગી નીકળી છે તેમજ નીલગાયો અને ઢોર અંદર પ્રવેશી દિવસભર ફરતા હોય છે. જયારે રાત્રીના સમયે આ સ્થળ અસામાજીક પ્રવૃતિઓ માટે પણ હોટફેવરીટ બની જવા પામ્યું છે. આ સરકારી દવાખાનું શરુ થાય તો આસપાસના શ્રમિકોને પણ લાભ મળી શકે છે. ત્યારે આ સરકારી દવાખાનું અઠવાડીયામાં બે દિવસ અથવા આર્યુવેદ દવાખાનું કાયમી શરુ થાય તેમ સ્થાનિક વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ ખાતે આવેલ સરકારી દવાખાનું શરુ થાય તે માટે સ્થાનિક વસાહતીઓ દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો તંત્ર સમક્ષ કરવામાં આવી છે. તેમ છતા તંત્રના બહેરા કાને આ વસાહતીઓની રજુઆત સંભળાતી નથી. છેલ્લા ઘણા સમયથી સરકારી દવાખાનું બંધ હાલતમાં છે. જેથી દવાખાનાના કેમ્પસમાં ગંદકીનું પ્રમાણ વધી જવા પામ્યું છે. સરકારી દવાખાની દિવાલ તુટી ગઈ હોવાથી ત્યાં રખડતા ઢોર તેમજ સરિસૃપો સહિત નીલગાય ફરતી હોય છે. જયારે બિન ઉપયોગી વનસ્પિતને પગલે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. જયારે દિવાલ તુટી ગઈ હોવાથી જાહેરમાં શૌચક્રિયા કરતા નાગરીકો નજરે પડે છે. જયારે રાત્રીના સમયે લાઈટ બંધ હોવાથી અંધારપટ છવાઈ જતા અસામાજીક તત્વો માટે મોકળું મેદાન સરકારી દવાખાનું બની જાય છે. જયારે ખાનગી ગોડાઉન તરીકે પણ ઉપયોગ થાય છે. બંધ દવાખાનું ગંદકીથી ખદબદતા નજીકમાં આવેલા શોંપીગના વેપારીઓને પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સરકારી દવાખાનુ શરુ કરવામાં આવે તો સેકટરની આસપાસ વસવાટ કરતા શ્રમિક પરિવારોને પણ લાભ થઈ શકે છે. જેથી તંત્ર દ્વારા અઠવાડીયામાં બે વાર ઓપીડી શરુ કરવામાં આવે અથવા કાયમી ધોરણે આર્યુવેદિક દવાખાનુ શરુ કરવામાં આવે તેમ સ્થાનિક વસાહતીઓની લાગણી અને માંગણી છે. જો તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય નહી કરવામાં આવે તો વસાહતીઓ દ્વારા આંદોલન કરાશે.

આઠ માળની હોસ્પિટલના ત્રીજા માળે જાળી લગાડાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગના સારવાર માટે આવે છે. સિવિલનો તાત્કાલીક વિભાગ અને ઓપીડી વિભાગ દર્દીઓથી ઉભરાય છે. તો બીજી તરફ આઠમાળની બિલ્ડીંગમાં પણ દર્દીઓનો ધસારો રહેવા પામે છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી આઠમાળની ઈમારત દર્દીઓ માટે આપઘાત કરવા માટે હોટ સ્પોટ બન્યું છે. હોસ્પિટલ ઉપરથી મોતની છલાંગ લગાવવાનો વધુ એક બનાવ બે દિવસ પહેલા બન્યો હતો. જેને લઈને આ આપઘાતનો સિલસિલો સિવિલમાં અટકે તે માટે હોસ્પિટલમાં ત્રીજા માળે જાળી ફીટ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં તાવથી માંડની હિમો ડાયાલીસીસના દર્દીઓની સારવાર કરવામાં આવે છે. નવી બિલ્ડીંગ દર્દીઓથી ભરાયેલી જોવા મળે છે. શારીરીક તકલીફો સામે સારવાર મળે અને દર્દીઓ તંદુરસ્ત થઈ ને હોસ્પિટલમાંથી જાય તે માટે નિદાન અને સારવારની વ્યવસ્થા સિવિલમાં કરવામાં આવી છે. પરંતુ આ આઠ માળની ૬૦૦ બેડની ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બિલ્ડીંગ પરથી મોતની છલાંગ લગાવવાના કિસ્સાઓ વધતા જાય છે. છેલ્લા બે વર્ષમાં છ જેટલા બનાવો અહીં બન્યા છે. તાજેતરમાં પણ આ બિલ્ડીંગ ઉપરથી એક યુવા દર્દીએ મોતની છલાંગ લગાવી હતી અને આપઘાત કરી લીધો હતો.ત્યારે હવે આ પ્રકારનો સિલસિલો અટકે તે માટે સિવિલ સત્તાધિશો એ વિચારણા શરુ કરી છે. એટલું જ નહી ૬૦૦ બિલ્ડીંગની આ આઠ માળની હોસ્પિટલના ત્રીજા માળે જાળી લગાવવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. જેના માટે સબંધિત વિભાગના અધિકારીઓને સુચના આપી દેવામાં આવી છે અને દોરડાની જાળી ત્રીજા માળે લગાવવા માટે આદેશ પણ કરી દેવાયો છે. ત્યારે હવે આ જાળી લગાવ્યા બાદ સિવિલમાં આપઘાતનો સિલસિલો અટકે છે કે નહીં તે તો આગામી સમય જ બતાવશે.

ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદી અને લેખક શેખર બ્રહ્મભટ્ટને 'પ્રાઈડ ઓફ ઈન્ડિયા' એવોર્ડ



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના જાણીતા ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદી તથા અમદાવાદના લેખક, સામાજિક કાર્યકર્તા અને ઉદ્યોગ સાહસિક એવા શેખર બ્રહ્મભટ્ટને તાજેતરમાં મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે હોટેલ રેડીસન બ્લ્યુ ખાતે આયોજિત લંડનની વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસ સંસ્થા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં અશ્વિન ત્રિવેદી અને શેખર બ્રહ્મભટ્ટને પોતાના ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન બદલ 'પ્રાઈડ ઓફ ઈન્ડિયા' એવોર્ડથી સન્માનવામાં આવ્યા છે. આ પ્રસંગે બોલીવુડના ખ્યાતનામ સંગીતકાર બપ્પી લહેરી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

'અલ્મા' તથા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસ દ્વારા આયોજિત સમારંભમાં સંસ્થાના અધ્યક્ષ દિવાકર શુકલ, રાષ્ટ્રીય પ્રમુખ સંતોષ શુકલા સહિત સંગીતકાર બપ્પી લહેરી, જાણીતા ગુજરાતી ગાયક હેમંત ચૌહાણ, સામાજિક અગ્રણી હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ વગેરે ઉપરાંત ફિલ્મી હસ્તીઓ, જયોતિષ અને પંડિત વિદ્વાનો, સામાજિક કાર્યકર્તાઓ, રાજકીય અગ્રણીઓ તથા અગ્રણી વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગરના ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદીને સમાજસેવામાં કરેલા યોગદાન માટે અને શેખર બ્રહ્મભટ્ટને 'કર્મ' વિષય આધારિત પુસ્તક લખી નામના પ્રાપ્ત કરવા બદલ સન્માનવામાં આવ્યા છે. આ પુસ્તક આધ્યાત્મ આધારિત છે જેનું શિર્ષક 'રહસ્યકર્મનું' છે અને તેનું વિમોચન જાણીતા કથાકાર સંત પૂ. મોરારી બાપુના આશીર્વાદથી લખ્યું હતું જેને દેશના અનેક સંતો-રાજકીય અગ્રણીઓએ વખાણ્યું હતું.

ગુજરાતી લેખક મંડળની ચુંટણીમાં ગાંધીનગરના બે સાહિત્યકારોનો જંગી બહુમતીથી વિજય

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના સાહિત્યકારો નટવર હેડાઉ અને ભાનુપ્રસાદ પુરાણી ગુજરાતી લેખક મંડળના સંચાલક મંડળના સભ્યપદે જંગી બહુમતીથી ચુંટાઈ આવ્યા છે. ગુજરાતી લેખક મંડળના સંચાલક મંડળની ચુંટણીમાં રાજયભરમાંથી કુલ ૩૪ જેટલા સાહિત્યકારોએ ઝંપલાવ્યું હતું. જેમાંથી ચુંટાયેલા સભ્યોમાં ગાંધીનગરના બે સાહિત્યકારોનો જંગી બહુમતીથી વિજય થતા પાટનગરના સાહિત્ય વર્તુળમાં આનંદનું મોજું પ્રસરવા પામ્યું છે. ઉલ્લેખનીય છે કે નટવર હેડાઉ ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ છે.

ગુજરાતી લેખક મડંળ લેખકોના હક્ક અને હિતના ગૌરવ માટે છેલ્લા ૨૫ વર્ષથી કાર્યરત વ્યવસાયિક મંડળ છે જે લેખકોને સાંપ્રત સમય અને સમાજ સાથે જોડતી એક વિચાર ઝુંબેશ ચલાવે છે. લેખકોના આર્થિક અને વ્યવસાયિક હક્ક અને હિત માટે દરેક સ્તરે જાગૃતિ ફેલાવી સંગઠન શકિતના આધારે પ્રકાશકો, માધ્યમો અને સંસ્થાનોમાં લેખકના હક્ક હિતભંગના કિસ્સામાં ન્યાય માટે લડત આપવા તૈયાર રહેતી સંસ્થામાં ગાંધીનગરના સાહિત્યકારો ચુંટાયા છે. ચુંટાયેલા સભ્યો આગામી તા. ૪થી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સાંજે ૪ કલાકે નવરંગપુરામાં સેંટ ઝેવિયર્સ કોલેજ કેમ્પસમાં પહેલા માળે મંડળની કચેરી 'ગુર્જર વાણી' ખાતે યોજાનાર બેઠકમાં હોદ્દેદારોની નિમણુંક કરશે જે ગુજરાતી લેખક મંડળના મંત્રી મનહર ઓઝાએ અખબારી યાદીમાં જણાવ્યું છે. સંસ્થામાં જે સર્જકનું એક પુસ્તક અથવા એક નાટક, ફિલ્મ કે ટીવી રેડિયો શ્રેણીની ૧૦ કૃતિઓ માધ્યમોમાં પ્રકાશિત કે પ્રસારિત થઈ ચુકી હોય અથવા પત્રકારત્વ, કોપી રાઈટીંગ, નેટ પબ્લિશીંગ કે વ્યવસાયિક લેખનમાં એક વર્ષનો અનુભવ ધરાવતા હોય તેઓ સંસ્થાની આજીવન ફી રૂ. ૧ હજાર અથવા વાર્ષિક ફી રૂ. ૧૫૦ ભરી કોપીરાઈટ સભ્યપદ મેળવી શકે છે.

ચાર વર્ષથી નાસતો ફરતો ચોર રાજસ્થાનથી પકડાયો

ડભોડા પોલીસ મથકના ગુનામાં આ આરોપી નાસતો ફરતો હતો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર એલસીબીની ટીમે ચોકકસ બાતમીને આધારે રાજસ્થાનથી એક નાસતા ફરતા ચોરને દબોચી લીધો છે. ડભોડા પોલીસ સ્ટેશનમાં ચાર વર્ષ પહેલા ચોરીનો ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં રાજસ્થાનનો એક શખ્સ વોન્ટેડ હતો તેણે પોતાના ગામમાં કપડાની દુકાન કરી હોવાની માહિતી આધારે એલસીબીની ટીમ રાજસ્થાન પહોંચી ગઈ હતી અને આરોપીની અટકાયત કરી ડભોડા પોલીસને સોંપવા કવાયત હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલ તથા તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમો નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવીને તેમને શોધી કાઢી પકડી પાડવા સક્રિય થઈ છે. એલસીબી પીએસઆઈ એમ.જે. શિંદે તથા હે.કો. મનુજી, કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ, અનુપસિંહ સહીતની ટીમ આ દિશામાં કાર્યરત હતી દરમિયાન હે.કો. મનુજીને બાતમી મળી હતી કે વર્ષ ૨૦૧૫માં ડભોડા પોલીસ મથકમાં દાખલ થયેલા ચોરીના

ગુનામાં વોન્ટેડ આરોપી ભૈરૂ ખેમાજી કુમાવત (રહે. દુલેપર, તા. આશીદ, જી. ભીલવાડા, રાજસ્થાન) હાલ રાજસ્થાનમાં રાયલા ગામે બજારમાં કપડાની દુકાન ધરાવે છે અને દુકાનમાં હાજર છે. જેને આધારે ટીમ રાજસ્થાન પહોંચી ગઈ હતી અને આરોપીને દુકાનમાંથી દબોચી લઈને ગાંધીનગર એલસીબી લઈ આવી હતી. આરોપીએ ગુનાની કબુલાત કરતા તેની સામે કાયદેસરની કાર્યવાહી કરીને ડભોડા પોલીસને સોંપવા કાર્યવાહી હાથ ધરી છે.

નંદનવન આશ્રમશાળાના બાળકોને મળી ગરમ ધાબળાની હૂંફ

ગાંધીનગરમાં શિયાળાની કાતિલઠંડીનો અનુભવ થઈ રહ્યો છે અને કોલ્ડવેવમાં નાગરિકો ઠુંઠવાઈ રહ્યા છે. આ સમયે જરૂરિયાતમંદ વર્ગની હાલત કફોડી બની રહી છે જેમને શહેરના સેવાભાવી સંસ્થાઓ યથાશકિત મદદ પુરી પાડવા પ્રયાસ કરી રહી છે. આજે ગાંધીનગરના સેકટર-૧ ૩માં નંદનવન આશ્રમશાળા ખાતે શ્રી રામકૃપા ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓને ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે નંદનવન શાળા એ સામાજિક રીતે પછાત વર્ગના બાળકો માટેની નિવાસી શાળા છે. આજના સદકાર્યમાં શ્રીરામ કૃપા ફાઉન્ડેશનના પ્રમુખ ડૉ. જલ્પેશ મહેતા તથા અન્ય સ્વયંસેવકો જય મહેતા અને વિજયસિંહ માજીરાણા જોડાયા હતા.

૨૬મી જાન્યુઆરીએ સે-૫ વસાહત મંડળ દ્વારા વડીલોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૫ વસાહત મંડળની તાજેતરમાં બગીચા ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્યારે અગામી સેકટર-૨૬મી જાન્યુઆરીના રોજ સેકટરમાં ૭૫ વર્ષથી વધુ વયના વડીલોને શાલ ઓઢાડીને તેમજ સેકટરના તેજસ્વી તારલાઓનું સન્માન કરવાનો કાર્યક્રમ પણ યોજાશે.

સેકટર -૫ વસાહત મહા મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના અધ્યક્ષ સ્થાને મંડળની બેઠક તાજેતરમાં સેકટરના બગીચા ખાતે યોજાઈ હતી. જેમાં મોટીસંખ્યામાં સેકટરમાં વસતા ભાઈ બહેનો હાજર રહ્યા હતા. જેમાં સેકટરને સ્પર્સતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં દબાણ, સ્ટ્રીટ લાઈટ, પાણીની ટાંકીની સફાઈ, બગીચાની જાળવણી સહિતના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી. જેમાં અંતે પ્રમુખે તમામ પ્રશ્નોને લઈ તંત્ર સમક્ષ રજુઆત કરવાનું જણાવ્યું હતું. ત્યારબાદ અગામી ૨૬ મી જાન્યુઆરીના રોજ સેકટરમાં વસવાટ કરતા ૭૫ વર્ષથી વધુ વયના નાગરીકોનું તેમજ તેજસ્વી તારલાઓનું સન્માન કરવાનો કાર્યક્રમ યોજવાનુ નક્ક કરાયું છે. વડીલ નાગરીકોને પુષ્પગુંચ્છ અને શાલ ઓઢાડી ને તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરાશે.

ગુજરાત સચિવાલય એન્ડ એલાઈડ ઓફીસીસ સ્ટેનોગ્રાફર્સ એસોસીએશન દ્વારા તા.૨૨ થી ૨૪ ડિસેમ્બર-૨૦૧૮ દરમ્યાન ઉદયપુર, કુંભલગઢ, હલ્દીઘાટી, શ્રીનાથદ્વારા, ઢેબર તળાવ, કેસરીયાજી અને શામળાજીના પ્રવાસ કરવામાં આવ્યો હતો. આ પ્રવાસમાં એસોસીએશનના સભ્યો અને તેમના કુટુંબીજનો સીનીયર સીટીઝન અને નાના બાળકો સહિત જોડાયા હતા. આ પ્રવાસ ખૂબ જ સફળતાપૂર્વક અને આનંદથી પૂર્ણ થયો હતો.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ગુજરાત પ્રદેશના હોદેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૨૬

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ગુજરાત પ્રદેશની તાજેતરમાં ટ્રસ્ટી મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નિર્ણય કરીને બે વર્ષ માટે ટ્રસ્ટી યજ્ઞેશ દવેએ નવા હોદેદારોની વરણી કરી છે. જેમાં સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપાધ્યક્ષ તરીકે ભરતભાઈ રાવલ, ખજાનચી તરીકે રાજુભાઈ ઠાકર, ગુજરાત પ્રદેશના મુખ્ય સંગઠક તરીકે કમલેશભાઈ વ્યાસ, ચીફ કોર્ડિનેટર તરીકે અમિતભાઈ દવે, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ગુજરાત પ્રદેશના મહિલા પ્રમુખ તરીકે જાગૃતિબેન ત્રિવેદી, યુવા પ્રમુખ તરીકે દેવાંગભાઈ પંડયા(બેચરાજી), ઉપપ્રમુખ તરીકે ડામરાજી રાજગોર(બનાસકાંઠા), અશ્વિનભાઈ ત્રિવેદી(ગાંધીનગર), આશિતભાઈ ભટ્ટ(ગોધરા),કિર્તીભાઈ ત્રિવેદી (ઉમરગામ), ચંદ્રકાંતભાઈ જાની (સુરત), પ્રફુલભાઈ વ્યાસ (સાબરકાંઠા),સંગઠન મંત્રી તરીકે ભરતભાઈ જાની (અમદાવાદ), વિપુલભાઈ પાઠક (આણંદ), મંત્રી તરીકે રાજુભાઈ દવે (અમદાવાદ), ભરતભાઈ વ્યાસ (પાલનપુર), અશ્વિનભાઈ ભટ્ટ (પારડી), તેમજ ગુજરાત પ્રદેશ મીડીયા સેલના કોર્ડિનેટર તરીકે દિનેશભાઈ રાવલ અને પ્રવકતા તરીકે પ્રદીપભાઈ રાવલ તેમજ અન્ય હોદેદારોની પ્ણ નિમણુંક કરવામાં આવી છે. આગામી માસમાં જનરલ કારોબારી મિટીંગનું આયોજન કરી તમામ હોદેદારોને કાર્યભાર સોંપવામાં આવશે તેમજ જિલ્લા-તાલુકા કક્ષાએ કારોબારીની રચના કરવામાં આવશે.

લલિતકલાની તાલીમાર્થી હેત્વી પટેલનું ભરતનાટયમ્ ક્ષેત્રે આરંગેત્રમ્ યોજાયું

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના સેકટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં કાર્યરત આર.એન. લલિતકલા એકેડેમીમાં ભરતનાટયમ્ની સાત વર્ષની સાધના પૂર્ણ કરનાર એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલની ધો-૯ની વિદ્યાર્થીની હેત્વી પટેલનો નાતાના દિવસે ખીમજી વિશરામ હોલ ખાતે આરંગેત્રમ્ કાર્યક્રમ યોજાયો હતો.

હેત્વી પટેલના આરંગેત્રમ્ કાર્યક્રમમાં

સમારંભના અધ્યક્ષ પદે કડી સર્વ વિદ્યાલય મહામંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, મહેમાન પદે નવ ગુજરાત સમય અખબારના સંચાલક સાયોના ગ્રૂપના ચેરમેન સુરેશભાઈ પટેલ, ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટીના ડાયરેકટર ડૉ. અમીબેન ઉપાધ્યાય વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનોના હસ્તે સંસ્થાના તાલીમાર્થીઓને રૂ. ૨૫૦૦ના ચેકો તથા પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. કાર્યક્રમમાં આરંગેત્રમ્ કરનાર હેત્વી પટેલે કલાગુરુ શકુંતલાબેન ઓઝા પાસેથી તાલીમ અને લલિતકલા એકેડેમીના સંચાલિકા દિનાબેન ડોડીયા પાસેથી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અનુજાએ કર્યું હતું. હેત્વી પટેલને પરિવારજનો તથા આમંત્રિત કલાપ્રેમીઓએ આશીર્વાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

આવતીકાલે સે-૨૮ બ્રહ્માકુમારી ખાતે ચિન્મય જોષીનું પ્રેરણાત્મક વકતવ્ય

ગાંધીનગર, તા.૨૬

આજના યુગમાં માનવી માનસિક તણાવનો ભોગ બની વ્યથિત થઈ રહ્યો છે. જેના પગલે દિન પ્રતિદિન આત્મહત્યા જેવી ઘટનાઓ વધતી જાય છે. આ ઉપરાંત સ્પર્ધાત્મક માહોલમાં વ્યકિત નિષ્ફળતાથી હારી જાય છે ત્યારે તેને માનસિક રીતે સુસજ્જ કરવો અત્યંત આવશ્યક બની રહ્યો છે.

ગાંધીનગરના પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા જાણીતા માઈન્ડ રિપ્રોગ્રામિંગ એકસપર્ટ તથા લાઈફ એન્ડ બિઝનેસ સ્ટ્રેટેજીસ્ટ ટેલિવિઝન પર્સનાલીટી ચિન્મય જોષીની મોટીવેશનલ સ્પીચનું ૨૮, ડિસેમ્બર,૨૦૧૮, શુકવારના રાત્રે ૭.૩૦ થી ૯.૦૦ બ્રહ્માકુમારીઝ, શિવશકિત ભવન, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

ચિન્મય જોષી એક જાણીતા માઈન્ડ રિપ્રોગ્રામિંગ એકસપર્ટ તથા લાઈફ એન્ડ બિઝનેસ સ્ટ્રેટેજીસ્ટ ટેલિવિઝન પર્સનાલીટી ઉપરાંત

ઓસ્ટ્રેલિયાના સીડનીમાંથી લાયસન્સ ધારક કોમર્શિયલ પાયલોટ પણ છે. તેઓ બ્રહ્માકુમારીઝની પીસ ઓફ માઈન્ડ ચેનલમાં લીડરશીપ, બિઝનેસ કોમ્યુનિકેશન એન્ડ ઓવરવિંગ ફેલ્યોર માટેના ૧૦૦થી પણ વધુ એપિસોડમાં સ્પીચ આપી ચુકયા છે. છેલ્લા આઠ વર્ષથી તેમણે ભારત, ઓસ્ટ્રેલિયા અને દુબઈમાં કોર્પોરેટ એકિઝકયુટિવ્સ, ડૉકટર્સ, આર્મી અધિકારીઓ અને વિદ્યાર્થીઓને વિભિન્ન તાલીમ આપેલ છે. તેમની એ દૃઢ માન્યતા છે કે, દરેક વ્યકિત પોતાની માનસિક મજબૂતાઈ ઉજાગર કરી સુસંગત સરળ સફળ વ્યૂહરચનાઓ થકી જીવનનમાં મહાનતા પ્રાપ્ત કરી શકે છે.

ચિન્મય જોષીની મોટીવેશનલ સ્પીચ ગાંધીનગરમાં સાવ સહજ રીતે પ્રાપ્ત થવાની હોઈ જાહેર જનતા અને ખાસ યુવા ભાઈ બહેનોને આ કાર્યક્રમનો અચૂક લાભ લેવા કૈલાશદીદીજીએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

સે-૨૪ સરકારી શાળા ખાતે ગુજરાતી ભાષા વિશે પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

આજ રોજ સેકટર-૨૪/૨ સરકારી પ્રાથમિક શાળામાં મધુર ગુજરાતી ભાષાના વિરામ ચિહ્નો, ઉચ્ચાર શુધ્ધિ, વાકયક્રમ, વાચન તથા હસ્તાક્ષર સુધારણા માટે એવોર્ડ વિજેતા શિક્ષક રોહિતભાઈ બી. જોશીએ પ્રશંસનીય સફળ અને સુચારું ડેમોસ્ટ્રોશન તથા તાલીમ આપી આચાર્ય રાજેશભાઈ સોની, શિક્ષિકા બહેનો તથા ૩૦૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ પરિસંવાદ માણ્યો હતો. શાળા પરિવારે આ કાર્યક્રમ માટે રોહિતભાઈ બી. જોશીનો આભાર વ્યકત કર્યો હતો.

ચિરવિદાય

- સ્વ. પંચોલી દિલીપકુમાર મગનલાલ, ઉ.વ. ૭૨
- સ્વ. સુર્યાબેન ઈશ્વરપુરી ગોસ્વામી, ઉ.વ. ૬૦